સૌથી મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો

Credit Card issued by:

TATA CARDS

Put YOU first

ટાટા કાર્ડસ - સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો

1. *ફી અને શુલ્કો

A. વાર્ષિક ફી અને રિન્યુઅલ ફી

ટાટા ક્રેડિટ કાર્ડ (ટાટા કાર્ડ) પર વાર્ષિક ફી અને રિન્યુઅલ ફી લાગુ પડે છે. વાર્ષિક ફી એક વખત વસૂલ કરાતો શુલ્ક છે અને રિન્યુઅલ ફી દર વર્ષે વસૂલ કરાય છે. દરેક કાર્ડધારક અને જુદા-જુદા કાર્ડના પ્રકાર અનુસાર આ ફી અલગ-અલગ હોઇ શકે છે. ક્રેડિટ કાર્ડ માટે અરજી કરતી વખતે કાર્ડધારકને આ ફી અંગે સુચિત કરવામાં આવશે. આ રીતે લાગુ પડતી ફી સીધી કાર્ડધારકના ખાતાંમાંથી વસૂલવામાં આવશે અને તે જે મહિનામાં વસૂલ કરવામાં આવી હોય તે મહિનાના કાર્ડ સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવશે. પ્રાથમિક કાર્ડધારકને ઇસ્યુ કરાયેલા વધારાના કાર્ડ માટે અલગ ફી હોઇ શકે છે.

ક્રેડિટ કાર્ડનું નામ	વાર્ષિક શુલ્ક (₹)	રિન્યૂઅલ શુલ્ક (₹)
ટાટા કાર્ડ	499	499 (અગાઉના વર્ષમાં 1 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર છૂટ)
ટાટા કાર્ડ સિલેક્ટ	2999	2999
ટાટા ક્રોમા કાર્ડ	499	499 (અગાઉના વર્ષમાં 1 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર છૂટ)
ટાટા ક્રોમા કાર્ડ સિલેક્ટ	2999	2999
ટાટા સ્ટાર કાર્ડ સિલેક્ટ	2999	2999
ટાટા સ્ટાર કાર્ડ	499	499 (અગાઉના વર્ષમાં 1 લાખ કે તેથી વધુના વાર્ષિક ખર્ચ પર છૂટ)

B. રોકડ એડવાન્સ ફી

ઘરેલું/આંતરરાષ્ટ્રીય એટીએમમાંથી આપાતકાલીન પરિસ્થિતિ રોકડ નાણાં મેળવવા માટે કાર્ડધારક કાર્ડનો ઉપયોગ કરી શકે છે. આ પ્રકારની તમામ ઉપાડ રકમ પર ટ્રાન્ઝેક્શન ફી વસૂલવામાં આવશે અને ત્યારપછીના સ્ટેટમેન્ટમાં કાર્ડધારકને તે દર્શાવવામાં આવશે. સ્થાનિક સ્તરે ટ્રાન્ઝેક્શન ફી 2.5% અથવા રૂ. 500 બન્નેમાંથી જે વધારે હોય તે આંતરરાષ્ટ્રીય એટીએમ પર 2.5% અથવા રૂ. 500 બન્નેમાંથી જે વધારે હોય તે વસૂલવામાં આવશે. એસબીઆઈ કાર્ડ અને પેમેન્ટ સર્વિસ લિમિટેડ (એસબીઆઈસીપીએસએલ)ની મુનસફી પર ટ્રાન્ઝેક્શન ફી ફેરફારને આધીન છે. તમામ એડવાન્સ રોકડ ઉપાડની તારીખથી સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધી રિવોલ્વિંગ ક્રેડિટ (કૃપા કરીને શુલ્કોની અનુસૂચિનો સંદર્ભ લો) પર લાગુ પડતા નાણાંકીય શુલ્ક મુજબ લાગુ પડી શકે છે.

C. રોકડ ચુકવણી ફી

કાર્ડધારકો તેમની પસંદગીની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઇ) ની શાખાઓમાં પે-ઈન સ્લિપ પર તેમના ક્રેડિટ કાર્ડ નંબર અને રકમનો ઉલ્લેખ કરીને અને તેને શાખા કાઉન્ટર પર જમા કરીને ટાટા ક્રેડિટ કાર્ડની બાકીની રકમ ચૂકવી શકે છે. ટાટા કાર્ડની બાકીની રકમની ચુકવણી પર કાર્ડધારકને તત્કાળ ચુકવણીની રસીદ પ્રદાન કરવામાં આવશે. આ સેવા રૂ. 250 + ના દરે બધા લાગુ કર સહિત ઉપલબ્ધ રહેશે.

D. શુલ્કો

i. કાર્ડધારકોને એસબીઆઈસીપીએસએલ દ્વારા પુરી પાડવામાં આવેલી ચોક્કસ સેવાઓ અથવા તેમના કાર્ડ ખાતાંના સંદર્ભમાં કાર્ડધારક દ્વારા ચુકવણી કરવામાં નિષ્ફળ રહેવા પર સમય-સમય પર લાગુ પડતા શુલ્ક અને ફી કાર્ડધારક દ્વારા ચૂકવવા પાત્ર છે.

ii એસબીઆઈસીપીએસએલ કાર્ડધારકોને યોગ્ય જાણ સાથે તેને યોગ્ય લાગે તે મુજબ સમય-સમય પર કોઇપણ શુલ્કો અથવા ફી ફેરફાર અથવા નવા શુલ્કો અને ફી રજૂ કરવાનો અધિકાર જાળવી રાખે છે.

E. વ્યાજ મુક્ત રાહત સમયગાળો

વ્યાજ મુક્ત ધિરાણ સમયગાળો વેપારી દ્વારા દાખલ કરાયેલા દાવાઓની શરતને આધીન 20 થી 50 દિવસો સુધીનો હોઇ શકે છે. જોકે, જો અગાઉના મહિનાની બાકી રકમ સંપૂર્ણ ચૂકતે કરવામાં આવી ન હોય અથવા જો કાર્ડધારકે કોઇ એટીએમમાંથી રોકડ ઉપાડ કર્યો હોય તો આ લાગુ પડશે નહીં.

F. ફાઇનાન્સ શુલ્કો (સેવા શુલ્કો)

કાર્ડધારક તેની બાકી રકમ સંપૂર્ણ ચુકવવાનું પસંદ ન કરે તે કિસ્સામાં વ્યવહારની તારીખથી બિનચૂકવાયેલ ઈએમઆઈ હપ્તા સહિત તમામ વ્યવહારો પર અને કાર્ડધારક દ્વારા લેવામાં આવેલી બધી જ રોકડ એડવાન્સ રકમ પર પુન:ચુકવણી ન કરે ત્યાં સુધી માસિક વ્યાજ દરે ફાઇનાન્સ શુલ્ક ચૂકવવાપાત્ર બનશે.

જો કાર્ડ-ધારક, ચુકવવા-પાત્ર તમામ રકમ પૈકીનું આંશિક ચુકવણી કરે (પીડીડી); અથવા તો બિલકુલ ચુકવણી કરે (ટીએડી) નહી એટલે કે જો ગ્રાહક પોતાની અગાઉના મહિનાઓની બાકી ચુકવવાની રકમ અને ચાલુ મહિનાની બાકી ચુકવવાની રકમ મળીને, કુલ ચુકવવા-પાત્ર રકમ જો નિયત થયેલ તારીખ પહેલા ચૂકવે નહિ તો, ગ્રહાક જ્યાં સુધી ચુકવણી કરે નહી ત્યાં સુધી બાકી સિલક પર નાણાંકીય-શુલ્ક લાદવામાં આવશે.

વ્યવહારની તારીખથી ફાઇનાન્સ ચાર્જીસનો વર્તમાન દર 3.50% પ્રતિ માસ [પ્રતિ વર્ષ 42%] છે અને એસબીઆઈ કાર્ડ અને પેમેન્ટ સર્વિસ પ્રાઇવેટ લિમિટેડ (એસબીઆઈસીપીએસએલ) ની મુનસફી પર પરિવર્તને આધીન છે. ફાઇનાન્સ શુલ્કો, જો ચૂકવવાપાત્ર હોય તો લાગુ પડતા કરવેરા લાદવાની શરતને આધીન છે અને જ્યાં સુધી કાર્ડ પરની બાકી રકમ સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધી કાર્ડધારકના ખાતાંમાં ડેબિટ કરવામાં આવે છે. કાર્ડધારક ચુકવણીની બાકી તારીખમાં સંપૂર્ણ રકમ બાકી ન ચૂકવવાની સ્થિતિમાં અને તમામ રોકડ એડવાન્સિસ પર નાણાં શુલ્કની ઓછામાં ઓછી રકમ, તમામ વ્યવહારો પર વસૂલવામાં આવે છે. કાર્ડધારક દ્વારા લેવામાં આવતા રૂ. 25, દરેકમાં લાગુ કર સિવાયનો રહેશે.

a. એડવાન્સ રોકડ પર ફાઇનાન્સ શુલ્કો વ્યવહારની તારીખથી ચુકવણી સંપૂર્ણપણે કરવામાં ન આવે ત્યાં સુધી લાગુ પડે છે.

ઉદાહરણ-1 કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દર મહિનાની 15મી તારીખ.

16મી જુન 2019 થી 15મી જુલાઇ 2019 ની વચ્ચે કરવામાં આવેલા વ્યવહાર

1. 20મી જૂન 2019 ના દિવસે - રૂ. 5000 ની છૂટક ખરીદી
2. 10મી જુલાઇ 2019 ના દિવસે - રૂ. 7000 નો રોકડ ઉપાડ

ધારે કે 15મી જૂન 2019 ના સ્ટેટમેન્ટમાંથી અગાઉની કોઇ બાકી રકમ આગળ લાવવામાં નથી આવતી તો 15મી જુલાઇના રોજ કાર્ડધારક તેના સ્ટેટમેન્ટ રૂ. 7,000 ની રોકડ ઉપાડ ઉપર લાગુ પડતા દરે 5 દિવસના ફાઇનાન્સ શુલ્કોની સાથે રૂ. 12,000 ના વ્યવહારો દર્શાવશે. કાર્ડ ધારકે બાકી રહેલી રકમ 5મી ઓગસ્ટ 2019 એટલે કે સ્ટેટમેન્ટ તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા ન્યૂનતમ બાકી રકમની વચ્ચે કોઇપણ ચુકવવાની

રહેશે. કૃપા કરીને નોંધ લેશો કે તમારા ક્રેડિટ કાર્ડની બાકી નીકળતી રકમ સામે કરવામાં આવેલી કોઇપણ ચૂકવણી, સૌપ્રથમ તમારી બાકી નીકળતી રકમ {કુલ જીએસટી + ઈએમઆઇની રકમ + ફી અને ચાર્જિસના 100% + 5% ફાઇનાન્સ ચાર્જ (જો કોઈ હોય તો), રિટેલ ખર્ચ અને રોકડ પેશગી (જો કોઈ હોય તો) + ઓવરલિમિટ રકમ (જો કોઈ હોય તો)}, વ્યાજના ચાર્જિસ, બેલેન્સ ટ્રાન્સફર (જો કોઈ હોય તો) બાકી નીકળતી રકમ, ખરીદીની બાકી નીકળતી રકમ અને રોકડ શેષ (જો કોઈ હોય તો) સામે પ્રથમ ચૂકવણી કરવામાં આવશે. ફાઇનાન્સ શુલ્કો અગાઉના સ્ટેટમેન્ટની તારીખથી લગાડવામાં આવશે સિવાય કે બાકી રહેલા રિટેલ બેલેન્સ પર લાગુ પડતા બિન-વ્યાજનો કિસ્સો હોય, જેમાં ફાઇનાન્સ શુલ્કો વ્યવહારની તારીખથી લગાવવામાં આવે છે.

જો સ્ટેટમેન્ટની બાકી રકમમાં કોઇ રોકડ જમા ન હોય અને અગાઉના સ્ટેટમેન્ટમાંથી આગળ લાવવામાં આવ્યું ન હોય અને ચુકવણીને અંતિમ તારીખ સુધીમાં સ્ટેટમેન્ટ પર છૂટક બાકી રકમની ચોખ્ખી રકમ સંપૂર્ણપણે ચૂકવી દીધી હોય તો આવી બાકી રકમ પર કોઇ ફાઇનાન્સ શુલ્કો લાગુ પડતો નથી.

ઉદાહરણ 2 - કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દરેક મહિનાની 2જી તારીખ.

3જી જાન્યુઆરી 2019 - 2જી ફેબ્રુઆરી 2019 ની વચ્ચે કરાયેલા વ્યવહાર

1. 5 મી જાન્યુઆરી 2019 ના દિવસે - રૂ. 10,000 ની છૂટક ખરીદી
2. 15 મી જાન્યુઆરી 2019 ના દિવસે - રૂ. 30,000 ની ઓનલાઇન ખરીદી

ધારો કે 2જી જાન્યુઆરી 2019 ના સ્ટેટમેન્ટમાંથી કોઇ અગાઉની બાકી રકમ આગળ લાવવામાં આવતી નથી તો કાર્ડધારક 2જી ફેબ્રુઆરીના રોજ રૂ. 40,000 ના વ્યવહારો દર્શાવતુ સ્ટેટમેન્ટ પ્રાપ્ત કરશે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી ફેબ્રુઆરી 2019એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા ન્યૂનતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે. સ્ટેટમેન્ટની બાકી રકમ કોઇ રોકડ રકમ ધરાવતી ન હોય તો તે કિસ્સામાં અને અગાઉના સ્ટેટમેન્ટમાંથી કોઇ રકમ આગળ વધારવામાં આવી ન હોય અને ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં સ્ટેટમેન્ટ તારીખના રોજ છૂટક બાકી રકમની સંપૂર્ણ ચુકવણી કરી દેવામાં આવે તો આવી બાકી રકમ પર કોઇ ફાઇનાન્સ શુલ્કો લાગુ પડશે નહી.

દર મહિને માત્ર ન્યૂનતમ ચુકવણીના પરિણામે પુન:ચુકવણી વર્ષો સુધી લંબાશે જેથી તમારે બાકી રહેલી રકમ પર વ્યાજ ચુકવવુ પડશે. ઉદાહરણ તરીકે રૂ. 5,000 ના વ્યવહાર ઉપર જો દર મહિને ન્યૂનતમ બાકી રકમ ચૂકવવામાં આવે તો (જો દર મહિને ન્યૂનતમ બાકી રકમ રૂ. 200 હોય) તો સંપૂર્ણ બાકી રકમની સંપૂર્ણ ચુકવણીમાં 44 મહિના લાગશે.

ઉદાહરણ 3 - કાર્ડના સ્ટેટમેન્ટની તારીખ - દર મહિનાની 2જી તારીખ.

3જી માર્ચ 2019 - 2જી એપ્રિલ 2019 ની વચ્ચે કરાયેલા વ્યવહારો

(1) 5મી માર્ચ 2019 દિવસે- રૂ. 500 ની વાર્ષિક ફી

(2) 5મી માર્ચ 2019 ના દિવસે- રૂ. 90 નો લાગુ પડતો ટેક્સ

(3) 15મી માર્ચ 2019 ના દિવસે - રૂ. 6,000 ની ઓનલાઇન ખરીદી

ધારો કે 2જી માર્ચ 2019 ના સ્ટેટમેન્ટમાંથી કોઇ અગાઉનું બેલેન્સ આગળ લાવવામાં આવ્યું નથી તો કાર્ડધારક 2જી એપ્રિલના રોજ રૂ. 6,590 ના વ્યવહારો દર્શાવતુ પ્રાપ્ત કરશે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી એપ્રિલ 2019 એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા ન્યૂનતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે.

ધારો કે કાર્ડધારક લઘુત્તમ રૂ.890ની બાકી નીકળતી રકમ (6000 (રિટેલ ખર્ચ)ના 5 %) + 90 (કુલ GST) + 500 (ફી/ચાર્જીસના 100 %) 22મી એપ્રિલ, 2016ના રોજ ચૂકવણી કરે છે, જેને નજીકના દશાંશ બિંદુ સુધી પૂર્ણ કરવામાં આવે તો, ફાઇનાન્સ ચાર્જ અસરકારક દરે વસૂલવામાં આવશે અને કુલ બાકી રકમમાં ઉમેરવામાં આવશે. જો અમલી દરોને પ્રતિ માસ 3.50% માની લેવામાં આવે તો ફાઇનાન્સ શુલ્કની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે:

38 દિવસ માટે (15મી માર્ચથી 22મી એપ્રિલ) રૂ. 6,000 ની બાકી રકમ પરઃ

(3.50*12)*(38/365)*6000/100=રૂ. 262.36

11 દિવસ માટે (22મી એપ્રિલથી 2જી મે) રૂ. 5700 ની બાકી રકમ પરઃ

(3.50*12)*(11/365)*5700/100=રૂ. 72.14

કુલ લાગુ પડતું વ્યાજ =રૂ. 334.50

બાકી રહેલી ખરીદી રકમ, વ્યાજ શુલ્કો, ફી અને શુલ્કો, જો હોય તો આ તમામ રકમનો સરવાળો અને તમામ લાગુ પડતા કરવેરાઓ 3જી એપ્રિલ 2019 - 2જી મે 2019ની વચ્ચે કાર્ડધારકે કોઇ વ્યવહાર ન કર્યો હોવાની ધારણા સાથે 2જી મે ની તારીખ નિવેદનમાં કુલ બાકી રકમ તરીકે દર્શાવવામાં આવશે.

જો કાર્ડધારક પેમેન્ટ ડ્યુ ડેટ (PDD) અગાઉ ટોટલ અમાઉન્ટ ડ્યુ (TAD)ની આંશિક કે બિલકુલ ચૂકવણી ન કરે તો; એટલે કે, ગ્રાહક પાસે અગાઉના મહિનાઓની બાકી રકમ હોય અને ચાલુ મહિનામાં પણ હોય, ચૂકવણીની નિયત તારીખ પહેલાં કુલ બાકી રકમની સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવે, તો રિટેલ ખર્ચ, રોકડ એડવાન્સ (જો કોઈ હોય તો) અને ફાઇનાન્સ

ચાર્જ (જો કોઈ હોય તો) પર ચૂકવણીની તારીખ સુધી ફાઇનાન્સ ચાર્જ વસૂલવામાં આવશે.

ઉદાહરણ 4: કાર્ડ-સ્ટેટમેન્ટ તારીખ – પ્રત્યેક મહિનાની બીજી તારીખ.

નાણાકીય વ્યવહાર 3જી ડિસેમ્બર 2018 થી 2જી જાન્યઆરી 2019 વચ્ચે

1) રૂ. 500 ની છૂટક ખરીદી- 15 ડિસેમ્બર 2018
2) રૂ. 600 ઓનલાઇન ખરીદી- 20 ડિસેમ્બર 2018

આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે, અગાઉ ની કોઈ રકમ ચૂકવવાની બાકી નથી અને તેથી 2જી ડિસેમ્બર 2018 ના સ્ટેટમેન્ટમાં આગળ કોઈ રકમ ખેંચાયેલ નથી તો આ પ્રકારના કિસ્સામાં કાર્ડ-ધારક પોતાના 2જી જાન્યુઆરીના સ્ટેટમેન્ટમાં રૂ. 1100 નો નાણાકીય વ્યવહાર જોઈ શકશે. જે રકમ ચકવવા-પાત્ર થશે. કુલ રકમ રૂ. 1100 કાર્ડધારકે બાકી નીકળતા લેણાની તમામ રકમની અથવા બાકી નિકળતા લેણાં ની ન્યૂનતમ રકમની ચુકવણું સ્ટેટમેન્ટની તારીખ પછીના 20 દિવસ સુધીમાં એટલે કે 22 જાન્યુઆરી 2019 સુધી કરી દેવું જરૂરી છે.

આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે કાર્ડધારક 22 જાન્યઆરી 2019 ના રોજ રૂ. 500 ની ચુકવણી કરે છે, આ કિસ્સામાં નાણાંકીય-શુલ્ક અસરકાર દરે લગાવામાં આવશે અને તેને કુલ બાકી નીકળતી રકમમાં ઉમેરવામાં આવશે. અસરકારક દરનું પ્રમાણ 3.50% પ્રતિ માસ રાખીને ગણતરી કરીએ તો, નાણાંકીય-શુલ્કની ગણતરી નીચે મુજબ થઈ શકે.

રૂ. 500 ની સિલક પર (15 ડિસેમ્બર થી 22 જાન્યઆરી), દિવસ 38 માટે:

(3.50*12)*(38/365)*500/100=રૂ. 21.86

રૂ. 600 ની સિલક પર (20 ડિસેમ્બર થી 22 જાન્યુઆરી), દિવસ 33 માટે:

(3.50*12)*(33/365)*600/100=રૂ. 22.78

રૂ. 600 ની સિલક પર (22 જાન્યુઆરી થી 2 ફેબ્રુઆરી), દિવસ 12 માટે:

(3.50*12)*(12/365)*600/100=રૂ. 8.28

કુલ વ્યાજ-શુલ્ક = રૂ. 52.93

3જી ફેબ્રુઆરી 2019 થી 2જી માર્ચ 2019 દરમ્યાન થયેલ નાણાકીય વ્યવહાર

1) 3જી ફેબ્રુઆરી 2019 ના રોજ શરૂઆત ની સિલક- રૂ. 652.93
2) 5મી ફેબ્રુઆરી 2019 ના રોજ રૂ. 1000 - ની છૂટક ખરીદી
3) 15મી ફેબ્રુઆરી 2019 ના રોજ રૂ. 3000 - ની ઓનલાઈન ખરીદી

આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે 2જી ફેબ્રુઆરી 2019 ના સ્ટેટમેન્ટ મુજબ

અગાઉ ની બાકી રકમ રૂ. 652.93, આગળ ખેંચાયેલ છે. કાર્ડધારકે બાકી નીકળતા લેણાંની તમામ ન્યૂનતમ રકમ અથવા બાકી નીકળતા લેણાંની ન્યૂનતમ રકમનું ચુકવણી સ્ટેટમેન્ટની તારીખ પછીના 20 દિવસ સુધીમાં એટલે કે 22 ફેબ્રુઆરી 2019 સુધી કરી દેવું જરૂરી છે.

આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે કાર્ડ-ધારક 15મી ફેબ્રુઆરી સુધીમાં બાકી લેણાનું તમામ ચુકવણી કરી દે છે. એટલે કે નિયત સમય-મર્યાદામાં ચુકવણી કરી દે છે. અસરકારક દર નું પ્રમાણ 3.50% પ્રતિ માસ રાખીને ગણતરી કરીએ તો, નાણાકીય-શુલ્કની ગણતરી નીચે મુજબ થઈ શકે.

રૂ. 652.93ની સિલક ઉપર (3જી ફેબ્રુઆરી થી 15 ફેબ્રુઆરી), દિવસ 12 માટે:

(3.50*12)*(12/365)*652.93/100=રૂ. 9.02

કુલ વ્યાજ શુલ્ક = રૂ. 9.02

2જી માર્ચના સ્ટેટમેન્ટ મુજબ કુલ લેણાંની બાકી નીકળતી રકમમાં ખરીદી કરેલ બાકી રકમ, વ્યાજ-શુલ્ક (જો કંઈ હોય તો) અને લાગુ પડતા ટેક્સને લીધે ફેરફાર થશે.

G. મોડી ચૂકવણી કરવા પર લાગતો ચાર્જ

- **ચૂકવણીની તારીખે રૂ.0-500 સુધીની બાકી રકમ માટે શૂન્ય**
- **રૂ. 500 થી વધુ અને રૂ. 1,000 સુધીની બાકી રકમ માટે રૂ. 400**
- **રૂ. 1,000 થી વધુ અને રૂ. 10,000 સુધીની બાકી રકમ માટે રૂ. 750**
- **રૂ. 10,000 થી વધુ અને રૂ. 25,000 સુધીની બાકી રકમ માટે રૂ. 950**
- **રૂ. 25,000 થી વધુ અને રૂ. 50,000 સુધીની બાકી રકમ માટે રૂ. 1,100**
- **50,000 થી વધુની બાકી રકમ માટે રૂ.1,300**

સળંગ બે વખત નિયત તારીખ સુધીમાં લઘુત્તમ બાકી રકમ (MAD) ની ચૂકવણી ન થવા પર રૂ. 100નો વધારાનો મોડી ચૂકવણીનો ચાર્જ વસૂલવામાં આવશે.

જ્યાં સુધી MAD ની ચુકવણી ન થાય ત્યાં સુધી આ ચાર્જ દરેક પેમેન્ટ વખતે વસૂલવાનું ચાલુ રહેશે.

ઉદાહરણ 1 - કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દર મહિનાની 2જી તારીખે.

વ્યવહાર 3જી જાન્યુઆરી 2016 - 2જી ફેબ્રુઆરી 2016 ની વચ્ચે થયેલ છે.

(1) 5મી જાન્યુઆરી 2016 ના રોજ - રૂ. 5,000 ની છૂટક ખરીદી

(2) 15મી જાન્યુઆરી 2016 ના રોજ - રૂ. 5,000 ની ઓનલાઈન ખ

ધારો કે 2જી ફેબ્રુઆરી 2016 ના સ્ટેટમેન્ટમાંથી કોઇ બાકી રકમ આગળ લાવવામાં આવી નથી, તો કાર્ડધારક 2જી ફેબ્રુઆરીના રોજ રૂ. 10,000 ના વ્યવહારો દર્શાવતુ તેમનું સ્ટેટમેન્ટ મેળવશે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી ફેબ્રુઆરી 2016 એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમા સમગ્ર રકમ અથવા ન્યૂનતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે.

જો કાર્ડધારક ન્યૂનતમ બાકી અથવા વધારે રકમની ચુકવણી 22મી ફેબ્રુઆરી 2016 સધીમાં કરતો નથી, તો તેમની પાસેથી રૂ. 750 લેટ પેમેન્ટ શુલ્ક (રૂ. 1000થી વધારે અને રૂ. 10,000સુધીની રકમ માટે રૂ. 750) વસૂલવામાં આવશે.

ઉદાહરણ 2 - કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દર મહિનાની 2જી તારીખે.

વ્યવહાર 3જી ફેબ્રુઆરી 2016 - 2જી માર્ચ 2016 ની વચ્ચે થયેલ છે.

1. 8મી ફેબ્રુઆરી 2016 ના રોજ - રૂ. 2,000 ની છૂટક ખરીદી
2. 19મી ફેબ્રુઆરી 2016 ના રોજ - રૂ. 2,500 ની ઓનલાઈન ખરીદી

ધારો કે 2જી જાન્યુઆરી 2016 ના સ્ટેટમેન્ટમાંથી કોઇ બાકી રકમ આગળ લાવવામાં આવી નથી, તો કાર્ડધારક 2જી માર્ચના રોજ રૂ. 4500 ના વ્યવહારો દર્શાવતુ તેમનું સ્ટેટમેન્ટ મેળવશે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી માર્ચ 2016 એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમા સમગ્ર રકમ અથવા ન્યૂનતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે.

જો કાર્ડધારક કોઈ પણ રકમની ચુકવણી 22મી માર્ચ 2016 સુધીમાં કરતો નથી, તો તેમની પાસેથી રૂ. 750 લેટ પેમેન્ટ શુલ્ક (રૂ. 1000થી વધુ અને રૂ. 10,000 સુધી માટે રૂ. 750) વસૂલવામાં આવશે.

ઉદાહરણ 3- કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ - દર મહિનાની બીજી તારીખ.

3 સપ્ટેમ્બર - 2 ઓક્ટોબર વચ્ચે કરેલા વ્યવહારો

(1) રૂ.9400ની છૂટક ખરીદી – 5મી સપ્ટેમ્બરના રોજ

2 સપ્ટેમ્બરના સ્ટેટમેન્ટમાં અગાઉનું કોઈ બેલેન્સ ન હોવાનું માનીને, કાર્ડ ધારકને 2 ઓક્ટોબરનું સ્ટેટમેન્ટ મળશે જે રૂ. કુલ 9400ની ચૂકવવાપાત્ર રકમ દર્શાવતું હશે. કાર્ડધારકે 22 ઓક્ટોબર સુધીમાં, એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં પૂર્ણ રકમ અથવા લઘુત્તમ રકમની વચ્ચેની કોઈપણ રકમ માટે બાકી બેલેન્સ ચૂકવવાની રહેશે. કાર્ડધારક 22મી ઓક્ટોબરના રોજ અથવા તે પહેલાંના બાકીની રકમ સામે રૂ. 9400ની

સંપૂર્ણ ચૂકવણી કરે છે.

3 ઓક્ટોબરથી 2 નવેમ્બર વચ્ચે કરવામાં આવેલ વ્યવહારો

(1) રૂ.5000ની છૂટક ખરીદી – 5મી ઓક્ટોબરના રોજ

(2) રૂ.5000ની ઓનલાઈન ખરીદી - 15મી ઓક્ટોબરના રોજ

કાર્ડ ધારકને 2જી નવેમ્બરનું સ્ટેટમેન્ટ મળશે જે કુલ રૂ.10,000ની બાકી રકમ દર્શાવતું હશે. ગ્રાહકને 10મી નવેમ્બરે વેપારી દ્વારા અગાઉકરેલા વ્યવહાર માટે રૂ.9400નું રિફંડ મળે છે. આ રિફંડની રકમ કુલ બાકી રકમ સામે માંડવાળ કરવામાં આવશે. કાર્ડધારકે 22મી નવેમ્બરના રોજ અથવા તે પહેલાં, એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ ની અંદર, બાકી બેલેન્સ અથવા લઘુત્તમ બાકી રકમ વચ્ચેની કોઈપણ રકમ માટે બાકી રકમ ચૂકવવાની રહેશે. રિફંડમાંથી ઉદભવેલી ક્રેડિટ રકમ લઘુત્તમ બાકી રકમ કરતાં વધુ હોવાથી, કાર્ડધારક પાસેથી વિલંબિત ચુકવણીની ફી લેવામાં આવશે નહીં.

ઉદાહરણ 4- કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ - દર મહિનાની 2જી તારીખ.

3જી જાન્યુઆરી - 2જી ફેબ્રુઆરી વચ્ચે થયેલા વ્યવહારો

(1) રૂ.4500ની છૂટક ખરીદી - 5 જાન્યુઆરીના રોજ

(2) રૂ.6000ની ઓનલાઇન ખરીદી- 15 જાન્યુઆરીના રોજ

કાર્ડ ધારકને 2જી ફેબ્રુઆરીનું સ્ટેટમેન્ટ મળશે જે કુલ રૂ.10,500ની બાકી રકમ દર્શાવતું હશે.ગ્રાહકને 10 ફેબ્રુઆરીના રોજ કરેલ અનાદર ચૂકવણી ફી, જે અગાઉ લગાડવામા આવેલી,માટે રૂ.500નું રિફંડ મળે છે. કાર્ડધારકે બાકી રકમ સામે 22મી ફેબ્રુઆરી સુધીમાં, એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ ની અંદર, સંપૂર્ણ રકમ અથવા લઘુત્તમ બાકી રકમ વચ્ચેની કોઈપણ રકમ માટે ચૂકવણી કરવાની રહેશે. ટાટા કાર્ડ દ્વારા દાખલ કરાયેલ રિવર્સલથી ઉદભવેલી ક્રેડિટ રકમ બાકી ચૂકવણી સામે માંડવાળ કરવામાં આવશે નહીં. જો કાર્ડધારક 22મી ફેબ્રુઆરીના રોજ અથવા તે પહેલાં ઓછામાં ઓછી બાકી રકમ અથવા વધુની ચૂકવણી નહીં કરે તો તેની પાસેથી રૂ.950 (રૂ.10,000થી વધુ અને રૂ.25,000 સુધી માટે રૂ.950)નો લેટ ચૂકવણી ચાર્જ લેવામાં આવશે.

H. ઓવર લિમિટ ફી –

સેવાના સંકેત સ્વરૂપે ટાટા કાર્ડ આંતરિક નીતિ, વ્યવહારના સંબંધમાં યોગ્યતા, ગ્રાહકની પ્રોફાઇલ અને ગ્રાહકની સંમતિને આધિન ચોક્કસ વ્યવહારોને મંજૂરી આપી શકે છે, જો બાકી રકમ ક્રેડિટ મર્યાદા કરતાં વધી જાય, તો ઓવરલિમિટની રકમના 2.5% જેટલી ઓવરલિમિટ ફી કે જે ક્રેડિટ લિમિટ કરતાં વધી જાય અથવા ₹600, બેમાંથી જે વધારે હોય,

વસૂલવામાં આવશે. ટાટા કાર્ડ દ્વારા વસૂલવામાં આવતી કોઈપણ ફી, શુલ્ક અથવા વ્યાજને કારણે ક્રેડિટ મર્યાદા ઓળંગાઈ ગઈ હોય તેવા કિસ્સામાં પણ આ ફી લાગુ પડે છે. ઓવરલિમિટ ફી બિલિંગ સાયકલ દીઠ ફક્ત એક જ વાર વસૂલવામાં આવશે. મહેરબાની કરીને નોંધ કરો કે કાર્ડધારક દ્વારા તેના/તેણીના ક્રેડિટ કાર્ડ પર ઓવરલિમિટ સુવિધાને સક્ષમ કરવા માટે આપવામાં આવેલી સંમતિ કાર્ડધારક દ્વારા સમાન ખાતા હેઠળના તમામ ક્રેડિટ કાર્ડ્સ પર આપમેળે સુવિધાને સક્ષમ કરશે. ટ્રાન્ઝેક્શન રિવર્સલ / કેન્સલેશન / રિફંડના કિસ્સામાં ઓવરલિમિટ ફી રિવર્સ કરવામાં આવશે નહીં.

I. ચુકવણી અસ્વીકાર ફી

ચુકવણી અસ્વીકારના કિસ્સામાં કાર્ડધારક પાસેથી લઘુતમ શુલ્ક રૂ. 500 હોવાની શરતને આધીન ચુકવણીની રકમના 2% ચુકવણી અસ્વીકાર શુલ્ક વસૂલ કરાશે.

J. અન્ય શુલ્કો:

- કાર્ડ ફેરબદલી ફીઃ રૂ. 100/- રૂ.250/-
- ચેક પેમેન્ટ ફી: રૂ. 100
- ફોરેન કરન્સી ટ્રાન્ઝેક્શન ફીઃ તમામ ટાટા કાર્ડ માટે 3.50%

  વિદેશી ચલણને આઇએનઆરમાં રૂપાંતરિત કરવા માટે વપરાતો વિનિમય દર જે તે કિસ્સા અનુસાર ટાટા કાર્ડ સાથે વ્યવહાર સરભર થયાની તારીખે તેમના દ્વારા સંચાલિત વિનિમય દરોના આધારે, નેટવર્ક (વિઝા/માસ્ટરકાર્ડ વગેરે) દ્વારા નિર્ધારિત કરવામાં આવશે, જે તે તારીખ ન પણ હોઇ શકે જે તારીખે ટ્રાન્ઝેક્શન થયું હોય. વિદેશી ચલણ વ્યવહાર શુલ્ક નેટવર્ક દ્વારા શેર કરેલ આઇએનઆર રૂપાંતરિત રકમ પર લાગુ થશે. વ્યવહાર રિફંડના કિસ્સામાં વિદેશી ચલણ વ્યવહાર શુલ્કને રિવર્સ કરવામાં આવશે નહીં.
- ડાયનેમિક અને સ્ટેટિક કરન્સી કન્વર્ઝન માર્કઅપ ફીઃ 3.50% (બધા જ ટાટા કાર્ડ્સ પર) ભારતીય ચલણમાં ₹1,000 થી વધુ અથવા તેના સમકક્ષ વ્યવહારો પર આંતરરાષ્ટ્રીય સ્થાન પર અથવા ભારતમાં સ્થિત પરંતુ વિદેશમાં નોંધાયેલા વેપારીઓ પર ચાર્જ વસૂલવામાં આવે છે. ટ્રાન્ઝેક્શન રિફંડના કિસ્સામાં ડાયનેમિક અને સ્ટેટિક કરન્સી કન્વર્ઝન માર્કઅપ ફી રિવર્સ કરવામાં આવશે નહીં.
- રિવૉર્ડ રિડીમ કરવાનો શુલ્કઃ રૂ. 99 (ઉપહારો, સ્ટેટમેંટ ક્રેડિટ અને ફક્ત વિશિષ્ટ વાઉચર્સ પર)

- ભાડાની ચુકવણીના તમામ વ્યવહારો પર પ્રોસેસિંગ ફી**: ₹199. ટ્રાન્ઝેક્શન રિવર્સલ / કેન્સલેશન / રિફંડના કિસ્સામાં પ્રોસેસિંગ ફી ઉલટાવવામાં આવશે નહીં.

K. બેલેન્સ ટ્રાન્સફર:

બેલેન્સ ટ્રાન્સફર ઓફર ગ્રાહકને અન્ય બેંક ક્રેડિટ કાર્ડના બાકી રકમ ટાટા ક્રેડિટ કાર્ડમાં ટ્રાન્સફર કરવાની અને એકસામટી રકમમાં અથવા EMI માં પરત ચૂકવણી કરવાની મંજૂરી આપે છે.

	મુદત	વ્યાજદર	મહત્ત્વપૂર્ણ મુદ્દા
બેલેન્સ ટ્રાન્સફર	60 દિવસ	**0%**	ત્યારપછીની તમામ ખરીદીઓ પર, પછી ભલે તે છૂટક અને/અથવા રોકડ અને અન્ય બાકી બેલેન્સમાં કરવામાં આવે, અનસિક્યોર્ડ કાર્ડ માટે માસિક 3.5% (42% વાર્ષિક) સુધી લાગુ ફાઇનાન્સ ચાર્જ વસૂલવામાં આવશે, અને લાગુ પડતા ફાઇનાન્સ ચાર્જની આ પ્રકારની તમામ વસૂલાત ખરીદીની તારીખથી જ લાગુ કરવામાં આવશે અને તે મુજબ તમામ કાર્ડ ધારકોને આવરી લેવામાં આવશે જેમના કાર્ડ ખાતામાં BTની રકમ હશે. વધુમાં, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે 50 દિવસ સુધીની, વ્યાજમુક્ત મુદત જેમના ખાતામાં BT રકમ હોઈ શકે છે એવા ટાટા ક્રેડિટ કાર્ડધારકો માટે કોઈપણ છૂટક ખરીદી અથવા અન્યથા પર માન્ય નથી ROI ઉપરાંત વન-ટાઇમ પ્રોસેસિંગ ફી વસૂલવામાં આવે છે.
	180 દિવસ	માસિક 1.7% (વાર્ષિક 20.40%)	

2. *મર્યાદાઓ

ક્રેડિટ મર્યાદા અને રોકડ મર્યાદા આંતરિક એસબીઆઈસીપીએસએલ ક્રેડિટ ધારાધોરણના આધારે કાર્ડહોલ્ડરને લાગુ પાડવામાં આવે છે. (ઍડ-ઑન કાર્ડધારકને પ્રાથમિક ખાતાં ધારક જેટલી જ મર્યાદા લાગુ પડે છે). કાર્ડધારકને કાર્ડ આપતી વખતે આ મર્યાદાની જાણકારી આપવામા આવે છે. ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા (એટલે કે વપરાશ માટે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા) સ્ટેટમેન્ટના ભાગરૂપે સ્ટેટમેન્ટ બનાવતી વખતે પુરા પાડવામાં આવશે. એસબીઆઈસીપીએસએલ સમયાંતરે કાર્ડધારકના એકાઉન્ટની સમીક્ષા કરશે અને આંતરિક ધારાધોરણોના આધારે કાર્ડધારકની મર્યાદામાં વધારો અથવા ઘટાડો કરશે. ક્રેડિટ મર્યાદામાં વધારો કરવા ઇચ્છતા કાર્ડધારક આ માટે એસબીઆઈસીપીએસએલ ને આ માટે લેખિત વિનંતી કરીને અને તેમની આવક દર્શાવતા નાણાકીય દસ્તાવેજો પ્રદાન કરીને આમ કરી શકશે. એસબીઆઈસીપીએસએલ,માત્ર તેની મુનસફીના આધારે અને આ રીતે પુરા પડાયેલા દસ્તાવેજોના આધારે કાર્ડધારકની ક્રેડિટ મર્યાદા વધારી શકે છે.

3. *બિલિંગ અને સ્ટેટમેન્ટ

a) એસબીઆઈસીપીએસએલ કાર્ડધારકને છેલ્લા સ્ટેટમેન્ટથી કાર્ડધારકના એકાઉન્ટમાં જમા થયેલી ચુકવણીઓ બાદ થયેલા વ્યવહારો દર્શાવતું માસિક સ્ટેટમેન્ટ મોકલશે, પરંતુ આ દર્શાવેલા સમયગાળા દરમિયાન કાર્ડ સક્રીય હોવું જરૂરી છે. એસબીઆઈસીપીએસએલ પોતાના રેકોર્ડ પર રહેલા સરનામા પર કાર્ડ એકાઉન્ટમાં થયેલા વ્યવહારોનું સ્ટટેમેન્ટ પત્ર દ્વારા મોકલશે અથવા પૂર્વ-નિર્ધારિત તારીખે તેના રેકોર્ડ પર રહેલા ઈમેઇલ આઇડી પર ઈમેઇલ દ્વારા સ્ટેટમેન્ટ મોકલશે.

b) ક્રેડિટ કાર્ડ કાર્ડધારક રિવોલ્વિંગ ક્રેડિટ સુવિધા ઑફર કરે છે. કાર્ડધારક માત્ર સ્ટેટમેન્ટ પર પ્રિન્ટ કરાયેલી ન્યૂનતમ ભરવાપાત્ર રકમની ચુકવણી કરવાનુ પસંદ કરી શકે છે અને આવી ચુકવણી ચુકવણીની અંતિમ તારીખ પહેલા મોકલી દેવી જોઇએ, જે તમારા સ્ટેટમેન્ટ પર પ્રિન્ટ કરેલી હોય છે. બાકી રહેલી નહીં ચુકવાયલ રકમ ત્યારપછીના સ્ટેટમેન્ટમાં આગળ લઇ જવામાં આવશે. કાર્ડધારક કુલ બાકી રકમની ચુકવણી અથવા ઉપરોક્ત ન્યૂનતમ બાકી રકમનો કોઇપણ ભાગ ચુકવવાનું પસંદ કરી શકે છે. અગાઉના સ્ટેટમેન્ટની કોઇપણ નહીં ચુકવાયેલ ન્યૂનતમ બાકી રકમ કાર્ડધારકની ક્રેડિટ મર્યાદાથી વધી જતી બાકી રકમ કાર્ડધારકની વર્તમાન ન્યૂનતમ બાકી રકમ ઉપરાંત ઉમેરવામાં આવશે.

ન્યૂનતમ બાકી રકમ કુલ જીએસટી + ઈએમઆઇની રકમ + 100% ફી/ચાર્જીસ + [ફાઇનાન્સ ચાર્જ] ના 5% (જો કોઈ હોય તો), રિટેલ ખર્ચ અને રોકડ પેશગી (જો કોઈ હોય

તો)] + ઓવરલિમિટ રકમ (જો કોઈ હોય તો).

c) કાર્ડની બાકી રકમ માટે કરાયેલી ચુકવણી ત્યાપછીના સ્ટેટમેન્ટમાં સ્વીકારવામાં આવે છે.

ઇનપુટ ટેક્સ ક્રેડિટ અથવા કર સાથે સંબંધિત કોઈપણ અન્ય બાબતે કોઈપણ વિવાદ ક્રેડિટ કાર્ડ ઇશ્યુઅરને નિવેદનની રજૂઆતની તારીખથી 30 દિવસની અંદર જણાવવામાં આવશે.

d) કાર્ડધારકના કાર્ડ સામે બાકી નીકળતી લઘુતમ બાકી રકમની સામે પ્રાપ્ત થયેલી ચૂકવણીઓને {કુલ જીએસટી + ઈએમઆઇની રકમ + ફી/ચાર્જિસના 100% + 5% ફાઇનાન્સ ચાર્જ (જો કોઈ હોય તો), રિટેલ ખર્ચ અને રોકડ પેશગી (જો કોઈ હોય તો) + ઓવરલિમિટ રકમ (જો કોઈ હોય તો)}, વ્યાજના ચાર્જિસ, બેલેન્સ ટ્રાન્સફર બાકી રકમ, ખરીદીની બાકી નીકળતી રકમ અને રોકડ એડવાન્સની સામે તે ક્રમમાં એડજસ્ટ કરવામાં આવશે.

કાર્ડ ધારક ક્રેડિટ કાર્ડ જારીકર્તાને યોગ્ય જીએસટી પાલન માટે સક્ષમ કરવા માટે યોગ્ય અને સમયસર માહિતી પ્રદાન કરવા માટે જવાબદાર રહેશે જે બદલામાં કાર્ડ ધારક ક્રેડિટ કાર્ડ જારીકર્તા દ્વારા કરવામાં આવતા પુરવઠાના ઇનપુટ ટેક્સ ક્રેડિટ લઈ શકશે. કાર્ડ આપનાર કોઈપણ ઇનપુટ ટેક્સ ક્રેડિટના નુકસાન અથવા કાર્ડ ધારક દ્વારા ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં વિલંબ માટે જવાબદાર રહેશે નહીં કારણ કે કાર્ડ ધારક દ્વારા આપવામાં આવેલી ખોટી માહિતી માટે અથવા કાર્ડ ધારક દ્વારા કોઈ કૃત્ય અથવા છૂટા થવાને કારણે.

e) કાર્ડ એકાઉન્ટ સામેની ચુકવણી નીચેની કોઇપણ પદ્ધતિથી કરી શકાય છેઃ

www.tatacard.com પર લૉગ-ઇન કરીને અને નેટબેન્કિંગ દ્વારા ચુકવણી કરવા પે નેટના વિકલ્પ અથવા તમારા એસબીઆઈ એટીએમ કમ ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને.

સ્ટેટમેન્ટની પાછળ પુરા પડાયેલા પત્રવ્યવહારના સરનામા ઉપર ચેક અથવા ડ્રાફ્ટ મોકલીને.

તમારા શહેર અથવા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની નિર્ધારિત શાખાઓમાં મુકાયલા કોઇપણ ટાટા કાર્ડ ડ્રોપ બોક્સમાં ચેક અથવા ડ્રાફ્ટ નાખીને.

ચેક/ડ્રાફ્ટની ચુકવણી "ટાટા કાર્ડ નંબર xxxxxxxxxxxxxxxx" માટે કરવી જોઇએ.

એનએસીએચ: પસંદગીના શહેરોમાં ચુકવણી નેશનલ ઓટોમેટેડ ક્લિઅરિંગ સિસ્ટમ (એનએસીએચ) દ્વારા કરી શકાય છે.

f) ટાટા કાર્ડ બિલની બાકી રકમની ચુકવણી કરવા માટે જુદા-જુદા રીતો ઉપલબ્ધ કરાવે છે અને તે અંગે માસિક સ્ટેટમેન્ટની પાછળ અને ટાટા કાર્ડ વેબસાઇટ પર વિગતવાર વર્ણન

આપવામાં આવ્યું છે.

કાર્ડ ધારક પાસેથી પ્રાપ્ત થયેલ કોઈપણ એડવાન્સને તે જ માનવામાં આવશે ભાવિ તરફનો એડવાન્સ કોઈ વિરુદ્ધ નહીં પણ ખર્ચ કરે છે શુલ્ક/ફી.

g) બિલિંગ વિવાદોઃ કાર્ડધારક દ્વારા ટ્રાન્ઝેક્શનની તારીખના 25 દિવસની અંદર કાર્ડધારક કોઈ પણ વિસંગતતા અંગે એસબીઆઈસીપીએસએલ ને જાણ ન કરે ત્યાં સુધીમાં નિવેદનોની બધી સામગ્રી યોગ્ય અને માનવામાં આવશે, અને એસબીઆઈસીપીએસએલ દ્વારા આ વિસંગતતાઓ સાચી હોવાનું માનવામાં આવશે. આવી માહિતી પ્રાપ્ત થવા પર, એસબીઆઈસીપીએસએલ અસ્થાયી ધોરણે શુલ્કને વિરુદ્ધ કરી શકે છે. જો પછીની તપાસ પૂર્ણ થવા પર, આવા શુલ્કની જવાબદારી કાર્ડધારકના ખાતાંમાં હોય, તો પછીના સ્ટેટમેન્ટમાં શુલ્ક ફરીથી મૂકવામાં આવશે.

h) ગ્રાહક તકરાર નિવારણઃ તમામ ફરિયાદ એસ્કેલેશન્સ ટાટા હેડને, PO બેગ 7 – GPO, નવી દિલ્હી -110001 પર અથવા nodalofficer@sbicard.com પર ઈ-મેઈલ કરવાના રહેશે.

i) સંર્પક વિગતોઃ

તમામ ફોન પરથીઃ 39 02 34 56 (મોબાઇલ પરથી કોલિંગ કરતી વખત નંબરની આગળ તમારો એસટીડી કોડ લગાડો) અથવા 1800 180 8282/1860 500 8282

પ્રત્ર વ્યવહારઃ પત્ર દ્વારા, મેનેજર, કસ્ટમર સર્વિસ, એસબીઆઈ કાર્ડ એન્ડ પેમેન્ટ સર્વિસ પ્રા. લી., ડીએલએફ ઇન્ફિનિટી ટાવર, ટાવર સી, 12મો માળ, બ્લોક 2, બિલ્ડિંગ 3, ડીએલએફ સાઇબર સિટી, ગુરુગ્રામ - 122002 (હરિયાણા) ભારત www.sbicard.com અથવા પીઓ બેગ 7 - જીપીઓ, નવી દિલ્લી, 110001

customer.care@tatacard.com પર લખીને ઇમેઇલ દ્વારા

ખોટા વેચાણ અને સતામણી અંગેની ફરિયાદો માટે, કાર્ડધારક સમર્પિત ઇમેઇલ આઈડી - salesgrievance@sbicard.com પર લખી શકે છે

કાર્ડધારક કોઈપણ વિવાદ/અનધિકૃત લેવડદેવડની રિપોર્ટ કરવા માટેના ખાસ ઇમેઇલ chargeback@sbicard.com પર અમને લખી શકે છે.

મિસ-સેલ/સતામણી અંગેની ફરિયાદો માટે, કાર્ડધારક અમને સમર્પિત હેલ્પલાઇન પર કૉલ કરી શકે છેઃ 080-39356050

j) ટાટા કાર્ડ દ્વારા ફી અને ચાર્જિસ સહિતની કોઇપણ રિવર્સલને ચૂકવવાપાત્ર ચુકવણી સાથે એડજસ્ટ કરવામાં આવશે નહીં અને વર્તમાન બિલિંગ ચક્રમાં જમા થયેલી રકમ તરીકે

ગણવામાં આવશે.

જો અગાઉના બિલિંગ ચક્રની ચૂકવણીની બાકી તારીખ પહેલાં રકમ જમા કરવામાં આવે તો અગાઉના બિલિંગ ચક્રને લગતા આવા વ્યવહારોની અસરકારક તારીખ સાથે રિફંડ/નિષ્ફળ/ રિવર્સલ વ્યવહારોમાંથી ઉદ્ભવતી કોઈપણ ક્રેડિટ રકમને ચુકવણી તરીકે ગણવામાં આવશે.

વર્તમાન બિલિંગ ચક્રને લગતા આવા વ્યવહારોની અસરકારક તારીખ સાથે રિફંડ/નિષ્ફળ/ રિવર્સલ વ્યવહારોમાંથી ઉદ્ભવતી કોઈપણ જમા થયેલી રકમ, અગાઉના બિલિંગ ચક્રની ચૂકવણીની બાકી તારીખ પહેલાં રકમ જમા કરવામાં આવે તો પણ તેને ચુકવણી તરીકે ગણવામાં આવશે નહીં.

k) SMA અને NPA

- સ્પેશ્યલ મેંશન એકાઉન્ટ્સ ('SMA'):

  નિયમનકારી આવશ્યકતાઓને પ્રોત્સાહિત કરવા માટે, એક સબ-એસેટ કેટેગરી (ઉપ-સંપત્તિ શ્રેણી) ત્રણ ઉપ-શ્રેણીઓ સાથે, નિમ્નલિખિત ટેબલમાં જણાવ્યા પ્રમાણે જેમ કે ‘સ્પેશલ મેન્શન એકાઉન્ટ્સ ('SMA')” બનાવીને ટાટા કાર્ડ દ્વારા એકાઉન્ટમાં પ્રારંભિક દબાણને ઓળખવાની આવશ્યકતા હોય છે. ક્રેડિટ કાર્ડને "ફરતી સુવિધાઓ સિવાયના લોન" તરીકે ગણવામાં આવે છે.

SMA ઉપ-શ્રેણીઓ:	વર્ગીકરણનો આધાર [મૂળ અથવા વ્યાજની ચુકવણી અથવા કોઈપણ અન્ય રકમ સંપૂર્ણ અથવા આંશિક ઓવરડ્યૂ]
SMA - 0:	ચુકવણીની બાકી તારીખ ('PDD') થી 30 દિવસ સુધી.
SMA – 1	PDD થી 30 દિવસથી વધુ અને 60 દિવસ સુધી
SMA – 2	PDD થી 60 દિવસથી વધુ અને 90 દિવસ સુધી

SMA ના વર્ગીકરણ સંબંધિત ઉદાહરણ:

જો ક્રેડિટ કાર્ડ એકાઉન્ટની ચૂકવણીની નિયત તારીખ ('PDD') 31મી માર્ચ 2021 છે, અને આ તારીખ પહેલાં 'મિનીમમ અમાઉન્ટ ડ્યૂ ડેટ(ન્યૂનતમ રકમની નિયત તારીખ ('MAD') પછી પ્રાપ્ત ન થાય, તો એકાઉન્ટનો ઉલ્લેખ SMA – 0 તરીકે કરવામાં આવશે.

જો એકાઉન્ટ PDD થી 30 દિવસ પછી એટલે કે 30મી એપ્રિલ 2021 પછી પણ મુદતવીતી (ઓવરડ્યૂ) રહે તો આ એકાઉન્ટને SMA-1 તરીકે ટૅગ કરવામાં આવશે. તે જ પ્રમાણે, જો એકાઉન્ટ PDD થી 60 દિવસ પછી એટલે કે 30 મી મે 2021 પછી પણ મુદતવીતી (ઓવરડ્યૂ) રહે તો આ એકાઉન્ટને SMA – 2 તરીકે ટૅગ કરવામાં આવશે.

- નૉન-પરફોર્મિંગ એસેટ ('NPA'):

જો સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત લઘુત્તમ બાકી રકમ, સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત PDD ના નેવું (90) દિવસની અંદર પૂર્ણ રીતે ચૂકવવામાં ન આવે તો, ક્રેડિટ કાર્ડ એકાઉન્ટને નૉન-પર્ફોર્મિંગ એસેટ ('NPA') તરીકે ગણવામાં આવશે. આના સિવાય, કોઈપણ એકાઉન્ટ જ્યાં પતાવટ અથવા પુનર્ગઠન વ્યવસ્થાનો લાભ લેવામાં આવ્યો હોય તેને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. જ્યાં સુધી વ્યાજ અને મુદ્દલની સંપૂર્ણ બાકી રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ એકાઉન્ટને NPA તરીકે વર્ગીકૃત કરવાનું ચાલુ રહે છે. સેટલમેન્ટ અને રિસ્ટ્રક્ચર્ડ એકાઉન્ટ્સ અપગ્રેડ માટે યોગ્ય નથી. અંતમાં, જો કોઈ ગ્રાહક પાસે એસબીઆઈકાર્ડ સાથે NPA તરીકે ટૅગ કરેલ એક પણ ક્રેડિટ કાર્ડ હોય, તો ગ્રાહકના તમામ કાર્ડ્સ NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

કોઈ એકાઉન્ટને NPA તરીકે વર્ગીકૃત કરવા અંગેનું ઉદાહરણ:

જો ક્રેડિટ કાર્ડ એકાઉન્ટની ચૂકવણીની બાકી તારીખ ('PDD') 31મી માર્ચ 2021 હોય, અને સ્ટેટમેન્ટમાં વર્ણવ્યા મુજબ લઘુત્તમ બાકી રકમ PDD થી 90 દિવસની અંદર એટલે કે 29 મી જૂન 2021 સુધી ગ્રાહક દ્વારા સંપૂર્ણ ચૂકવવામાં આવી ન હોય, તો પછી ધિરાણકર્તા ક્રેડિટ કાર્ડ એકાઉન્ટને NPA તરીકે માની લેશે.

l) 20મી સપ્ટેમ્બર 2019ના રોજ અધિકૃત ચૂકવણી પ્રણાલીનો ઉપયોગ કરીને નિષ્ફળ વ્યવહારો માટે ગ્રાહક વળતર અને ટર્ન અરાઉન્ડ ટાઈમ (TAT)પરના RBIના પરિપત્રના પાલનમાં, લાગુ પડતા કેસોમાં નિર્ધારિત સમયરેખામાં નિષ્ફળ વ્યવહારને કારણે ટાટા કાર્ડ ડેબિટ કરેલા નાણાં રિવર્સ ન કરે તો, નિષ્ફળ ટ્રાન્ઝેક્શન્સ પર કાર્ડ નેટવર્ક્સમાંથી આવી કોઈપણ પુષ્ટિ/માહિતીના આધારે ઉપરોક્ત પરિપત્રની જોગવાઈઓ અનુસાર ગ્રાહકને વળતર ચૂકવવામાં આવશે.

4. *નાણાં ચુકવણીમાં ચૂક

નાણાં ચુકવણીમાં ચૂકના પ્રસંગે કાર્ડધારકને કાર્ડ એકાઉન્ટ ઉપર બાકી રકમને સરભર કરવા માટે સમય-સમય પર પોસ્ટ, ફેક્સ, ટેલિફોન, ઈ-મેઇલ, એસએમએસ દ્વારા સ્મૃતિઓ મોકલાશે અને/અથવા ફોલો અપ અને બાકી લેણા વસૂલવા માટે ત્રીજા પક્ષકારોને રોકવામાં આવશે. આ રીતે નિમાયેલો કોઇપણ ત્રીજો પક્ષકાર દેવા વસૂલાતની આચાર સંહિતાને વળગી લેશે.

આરબીઆઈ પાસેથી નોંધણીનું પ્રમાણપત્ર મેળવનાર અને એસબીઆઈસીપીએસએલ સભ્ય હોય તેવી કોઈપણ ક્રેડિટ માહિતી કંપનીને ક્રેડિટ કાર્ડ ધારકની ડિફોલ્ટ સ્થિતિની જાણ કરતા પહેલા, અમે કાર્ડધારકને પૂર્વ સંચાર પ્રદાન કરીશું. ચૂકવણીની નિયત તારીખ સુધીમાં લઘુત્તમ બાકી રકમની ચૂકવણી ન થાય તેવા સંજોગોમાં, ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો/એજન્સીને કાર્ડ એકાઉન્ટની 'ડિફોલ્ટ' તરીકે જાણ કરવામાં આવશે.

જે કાર્ડધારક ડિફોલ્ડ દરજ્જો આપેલ હોય અને તે/તેણી બાકી લેણાં ભરી દે તો એસબીઆઈસીપીએસએલ તેનો ડિફોલ્ડ દરજ્જો ક્રેડિટ ઈંફોરમેશન કંપનીમાંથી કાઢી નાખશે. ગ્રાહક ના ક્રેડિટ અહેવાલમાં આવા ફેરફારો થતા 45-60 દિવસ લાગે છે.

ક્રેડિટ કાર્ડ સુવિધાઓ માટેની શરતો અને નિયમોમાં થતી પૂર્તતા/ઉમેરો કાર્ડ ધારકોને લાગુ પડશે.

કાર્ડધારકના ડાટા એસબીઆઈસીપીએસએલ, ક્રેડિટ ઈંફોરમેશન કંપનીને નિયત નમૂનામાં દર મહિને મોકલે છે. ક્રેડિટ ઈંફોરમેશન કંપની મોકલાવેલા ડાટા ને પોતાના સર્વર ઉપર 30 દિવસમાં અધતન કરે છે.

કાર્ડ ખાતાં પરના કુલ બાકી, કોઈપણ શુલ્કની રકમ સાથે, જેની અસર હજી પણ કાર્ડ ખાતાં પર શુલ્ક નથી, તે તુરંત જ એસબીઆઈસીપીએસએલની નાદારી પર અથવા પ્રાથમિક કાર્ડધારકના મૃત્યુને ચૂકવવાપાત્ર થઈ જશે, અને કાર્ડ ખાતાં તરત જ રદ થશે. પ્રાથમિક કાર્ડધારકની એસ્ટેટ કાર્ડ ખાતાં પરના કોઈપણ બાકીના સમાધાન માટે જવાબદાર રહેશે અને એસબીઆઈસીપીએસએલને કાયદેસર ફી અને આવા બાકી રકમની વસૂલાતમાં કરવામાં આવતા ખર્ચ સહિતના તમામ ખર્ચની સામે નિર્ધારિત રાખવા જોઈએ. આવી ચુકવણી બાકી છે, એસબીઆઈસીપીએસએલ તેના પ્રવર્તમાન દરો પર ફાઇનાન્સ શુલ્ક વસૂલવાનું ચાલુ રાખશે.

5. કાર્ડધારક શિપનું મુદત/રદ કરવું

a) કોઇપણ સમય કાર્ડધારક એસબીઆઈસીપીએસએલને લેખિત જાણ કરીને અથવા ટાટા કાર્ડ

હેલ્પલાઇનને કોલ કરીને અને કાર્ડને ત્રાસું કારીને કરારનો અંત લાવી શકે છે. લેખિત વિનંતીના આધારે એડ-ઓન કાર્ડ સહિત તમામ કાર્ડ સમાપ્ત કરવામાં આવશે. જો સ્વૈચ્છિક રીતે કાર્ડ બંધ કરતી વખતે જો કોઈ કાર્ડહોલ્ડર પાસે નેગેટીવ રિવૉર્ડ પોઇન્ટ્સ બેલેન્સ છે, તો આવા નેગેટીવ રિવૉર્ડ પોઇન્ટ્સનું સમાન મૂલ્ય આપમેળે સ્ટેટમેન્ટ ડેબિટમાં રૂપાંતરિત કરવામાં આવશે અને કાર્ડહોલ્ડર દ્વારા અન્ય કોઈપણ બાકી રકમની ચૂકવણી કરવી જરૂરી છે. આ સમાપ્તિ કાર્ડ એકાઉન્ટ ઉપર તમામ બાકી લેણી રકમની ચુકવણી બાદ અમલી બનશે. આંશિક ધોરણે કોઇપણ વાર્ષિક,જોડાણ અથવા રિન્યઅલ ફી પાછી આપવામાં આવશે નહીં.

ઉદાહરણ - સ્વૈચ્છિક રીતે કાર્ડ બંધ કરતી વખતે નેગેટીવ રિવૉર્ડ પોઇન્ટ્સ બેલેન્સ : -1000 સ્વૈચ્છિક રીતે કાર્ડ બંધ કરાવ્યા પછી, -1000 નેગેટીવ રિવૉર્ડ પોઇન્ટ્સ બેલેન્સ આપમેળે 250 રૂ. નાં સ્ટેટમેન્ટ ડેબિટમાં રૂપાંતરિત થશે એટલે કે 1000 નેગેટીવ રિવૉર્ડ પોઇન્ટ્સ X 0.25 પ્રતિ રિવૉર્ડ પોઇન્ટ્સ (આ રૂપાંતર મૂલ્ય વિવિધ કાર્ડ વેરિઅંટ માટે ભિન્ન હોઈ શકે છે). આ રકમ કાર્ડહોલ્ડરના એકાઉન્ટ પર ચાર્જ કરવામાં આવશે અને કાર્ડહોલ્ડર દ્વારા અન્ય કોઈ બાકી રકમની ચૂકવણી કરવી આવશ્યક છે.

કાર્ડધારક એકાઉન્ટ બંધ કરવા માટે પ્રમાણભૂત ઇ-મેઇલ

id-closurerequest@tatacard.com પર ઇ-મેઇલ લખી શકે છે.

b) એસબીઆઈસીપીએસએલ પૂર્વ જાણકારી આપ્યા વગર કોઇપણ સમયે કાર્ડધારકના એકાઉન્ટના ઉપયોગને નિયંત્રિત, સમાપ્ત અથવા રદ કરી શકે છે જો એસબીઆઈસીપીએસએલ ને વ્યાજબીપણે એમ માનવાને કારણે હોય કે વ્યવસાય અથવા સલામતીના કારણોસર અને/અથવા કાયદાનો અમલ કરતી સંસ્થા અને/અથવા કોઇ સરકારી સત્તામંડળની વિનંતીથી અને/અથવા એસબીઆઈસીપીએસએલ અને તેના ગ્રાહકને લાગુ પડતા કોઇ કાયદા અને નિયમો હેઠળ આમ કરવું જરૂરી છે.

એસબીઆઈસીપીએસએલ ક્રિડિટ કાર્ડની સુવિધા સ્થગિત કરી શકે છે, જો કાર્ડધારક બાકી રકમની ચુકવણીમાં કસૂર કરે અથવા આપેલી ક્રેડિટ કાર્ડની મર્યાદા વટાવે. કરારના અંત પછી અથવા કાર્ડ એકાઉન્ટનો ઉપયોગ સ્થગિત કરાયો હોય ત્યારે કાર્ડનો ઉપયોગ કરવો જોઇએ નહીં.

c) આવી પરિસ્થિતિમાં કાર્ડધારક તાત્કાલિક એકાઉન્ટ ઉપર કુલ બાકી લેણી રકમની ચુકવણી (કાયદા દ્વારા જરૂરી કોઇ ડિફોલ્ટ અથવા અન્ય નોટિસને આધિન) એસબીઆઈસીપીએસએલને કરી દેવી જોઇએ. તેમાં તમામ વ્યવહારો અને અન્ય રકમ જે

હજુ સધી એકાઉન્ટને લાગુ કરાઇ નથી તે રકમ સહિત કરાર હઠળ એસબીઆઈસીપીએસએલને ચૂકવવા પાત્ર તમામ રકમનો સમાવેશ થાય છે. કાર્ડધારકનું ખાતુ ત્યાં સુધી બંધ નહીં માનવામાં આવે જ્યાં સુધી કાર્ડધારક દ્વારા આવી તમામ બાકી લેણી રકમ ચુકવવામાં ન આવે.

d) જો ક્રેડિટ કાર્ડનો ઉપયોગ એક વર્ષથી વધુ સમય માટે કરવામાં આવ્યો નથી, તો કાર્ડધારકને જાણ કર્યા પછી કાર્ડ બંધ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જો 30 દિવસની અંદર કાર્ડધારક તરફથી કોઈ જવાબ ન મળે, તો કાર્ડ ખાતું બંધ કરવામાં આવશે. આ પ્રક્રિયા ધારક દ્વારા તમામ લેણાંની ચુકવણીને આધીન છે.

6. કાર્ડ ખોવાઇ જવું/ચોરી થવું/દુરુપયોગ થવો

a) જો પ્રાથમિક અથવા કોઇ વધારાનું ક્રેડિટ કાર્ડ ખોવાઇ જાય, ગુમ થાય, ચોરાઇ જાય, તૂટી જાય થઈ જાય, જ્યારે મળવા પાત્ર હોય ત્યારે મળે નહીં અથવા જો તે/તેણીને શંકા હોય કે કાર્ડધારકની પરવાનગી વગર ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તો કાર્ડધારકે તત્કાળ ટાટા કાર્ડ હેલ્પલાઇન પર એસબીઆઈસીપીએસએલનો સંપર્ક કરવો જોઇએ. એકવાર કાર્ડ ખોવાઈ જવાની સૂચના આપ્યા પછી, તે મળી જાય તો કાર્ડધારક દ્વારા કોઈપણ પરિસ્થિતિમાં તેનો ઉપયોગ ન કરવો જોઈએ, અને કાર્ડધારકે કાર્ડને ત્રાંસું કરીને બે ભાગમાં કાપી નાખવું જોઈએ.

- કાર્ડધારક તરત જ આઈવીઆર અથવા અમારી વેબસાઇટ www.tatacard.com અથવા એસએમએસ આધારિત સેવા દ્વારા તરત જ કાર્ડ બ્લોક કરાવી શકે છે.
- તમારા ખોવાયેલા/ચોરાયેલા કાર્ડને એસએમએસ દ્વારા બ્લોક કરાવવા માટે તમારા નોંધાયેલા મોબાઇલ નંબર પરથી 5676791 પર BLOCK XXXX લખીને માત્ર એક એસએમએસ કરો. (XXXX = તમારા કાર્ડ નંબરના છેલ્લા 4 આંકડાઓ). જો તમે 5 મિનિટની અંદર તેની ખાતરી કરતો એસએમએસ પ્રાપ્ત ન થાય તો કૃપયા કાર્ડ બ્લોક કરવામાં આવ્યું છે તેમ માનશો નહીં. તરત જ તમારુ કાર્ડ બ્લોક કરાવવા અને કોઇ દુરુપયોગ ટાળવા માટે કૃપયા હેલ્પલાઇન પર કોલ કરો.

ખોવાયેલ/ચોરાયેલ/અનધિકૃત વ્યવહારો અંગેની જાણ કરવા માટે કાર્ડધારક સમર્પિત હેલ્પલાઇન નંબર -18605003000 પર સંપર્ક કરી શકે છે.

ખોવાયેલા કાર્ડ અંગે જાણ કરવા માટે, કાર્ડધારક સમર્પિત ઇમેઇલ આઈડી - lostcard@tatacard.com પર લખી શકે છે.

b) એસબીઆઈસીપીએસએલને કાર્ડ ગૂમ થવા અંગેની સુચના આપ્યા અગાઉના સમયગાળા દરમિયાન કાર્ડ એકાઉન્ટમાંથી થયેલા કોઇપણ વ્યવહારો માટે એસબીઆઈસીપીએસએલ જવાબદાર અથવા ઉત્તરદાયી નથી અને આ અંગે કાર્ડધારક સંપૂર્ણપણે જવાબદાર રહેશે. એસબીઆઈસીપીએસએલ ને કાર્ડ ગુમ થવા અથવા ચોરી થવા અંગે જાણકારી આપવા ઉપરાત કાર્ડધારક ક્રેડિટ કાર્ડની કોઇ ચોરી અંગે ફરજિયાત પોલીસને જાણ કરવાની અને એફઆઈઆર કરવાની રહેશે. જ્યાર કોઇ કાર્ડધારકની સંમતિ અથવા વધારાના કાર્ડધારકની સંમતિથી કોઇ વ્યસ્ક્ત કાર્ડ અથવા પિન પ્રાપ્ત કરે અને તેનો દુરુપયોગ કરે તો તે તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર રહેશે.

c) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ) ના આદેશ મુજબ ગ્રાહક સંરક્ષણ - 06 જુલાઈ 2017 ના રોજ અનધિકૃત ઇલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારોમાં ગ્રાહકોની જવાબદારી મર્યાદિત કરવા પર, અનધિકૃત ક્રેડિટ કાર્ડ વ્યવહારો સંબંધિત ગ્રાહક સુરક્ષાની ખાતરી કરવા માટે નીતિ બનાવવામાં આવી છે. "ગ્રાહક ફરિયાદ નિવારણ નીતિ" હેઠળ ટાટા કાર્ડની વેબસાઇટ પર આ જ અપડેટ કરવામાં આવ્યું છે. નીતિ ગ્રાહકોની સારવારમાં પારદર્શિતા અને ઉચિતતાના સિદ્ધાંતો પર આધારિત છે

d) જો કાર્ડધારકનું કૃત્ય કપટયુક્ત હશે તો તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર રહેશે. જો કાર્ડધારકે વ્યાજબી કાળજી વગર કૃત્ય કર્યુ હશે તો તેના કારણે સર્જાયેલા તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર ઠરી શકે. જો કાર્ડધારક એસબીઆઈસીપીએસએલ દ્વારા નિર્દિષ્ટ સુરક્ષા જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ રહે તો આ લાગુ પડી શકે છે.

e) એસબીઆઈસીપીએસએલ કાર્ડધારક અથવા વધારાના કાર્ડધારક સુચિત કર્યા વગર કાર્ડ અથવા પિનનાં ગૂમ, ચોરી અથવા દુરુપયોગ થવા અંગે એસબીઆઈસીપીએસએલ જેને સુસંગત માનતું હોય તેવી કોઇપણ માહિતી તે પોલીસ અથવા અન્ય સંબંધિત સત્તાધિકારીઓને આપી શકે છે.

f) તમારા ક્રેડિટ કાર્ડ એકાઉન્ટની તમારા મોબાઇલ નંબર સહિત સંપર્ક વિગતોમાં ફેરફારોને તમારી નવી સંપર્ક વિગતોની સાથે સિસ્ટમમાં રહેલી અગાઉની સંપર્ક વિગતો પર સુચિત કરવામાં આવશે. અમારા રેકોર્ડમાં તમારા મોબાઇલ નંબર સહિત તમારી વર્તમાન સંપર્ક વિગતોને અદ્યતન રાખવાની સલાહ આપવામાં આવે છે.

7. જાહેરાત

ક્રેડિટ ઇન્ફર્મેશન કંપની ભારત સરકાર અને ભારતીય નાણાંકીય પ્રણાલીની કાર્યક્ષમતા અને સ્થિરતા સુધારવા માટે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) ની પહેલ છે. આ બેંકો અને

નાણાકીય સંસ્થાઓ વચ્ચે માહિતીના આદાનપ્રદાન માટે અસરકારક મિકેનિઝમ પ્રદાન કરવાના આરબીઆઈના પ્રયત્નોને અનુરૂપ છે, જેનાથી કાર્ડધારકોને વિવિધ સંસ્થાઓ પાસેથી વધુ સારી ક્રેડિટ શરતોનો લાભ મળી શકે છે.

આ બાબત કાર્ડ ધારકની જાણકારી માટે છે - એસબીઆઈસીપીએસએલ, કાર્ડ ધારકની માહિતીનું આદાન પ્રદાન ઈંફોરમેશન કંપની સાથે કરવા અધિકૃત છે. (આ અંગેની નોંધણીનું પ્રમાણ પત્ર આરબીઆઈ થી મેળવેલ છે.)

એસબીઆઈસીપીએસએલ, કાર્ડ ધારકના ફરી ચુકવણી રેકોર્ડ સંબંધિત માહિતી ઈંફોરમેશન કંપનીને 45-60 દિવસોમાં પૂરી પાડશે.

તકરારની ઘટના સમય કાર્ડ ધારકને ડિફોલ્ટર અહેવાલ મોકલાવતા પહેલાં એસબીઆઈસીપીએસએલ, અહેવાલ કરવાની પધ્ધતિમાં જરૂરી સુધારા/વધારા કરશે. જો કે નોંધ લેવી યોગ્ય છે કે, આવી માહિતી જાહેર કરતા કે બહાર પાડતા પહેલા તપાસ માટે લોકોના સમયની ઉપલબ્ધતા અને ઉભી થતી તકરારના પતાવટની શક્યતાઓ ચકાસી લેવી જરૂરી છે.

કાર્ડધારક આગળ સ્વીકારે છે કે એસબીઆઈસીપીએસએલ, કાર્ડ ખાતાંઓ, ચકાસણી અને અન્ય વહીવટી સેવાઓની યોગ્ય કામગીરી માટે એસબીઆઈસીપીએસએલ દ્વારા રોકાયેલા અન્ય ત્રીજા પક્ષકારોને નાણાંકીય સંસ્થા, ચુકવણીમાં મૂળભૂત સહિત કાર્ડધારકની માહિતી શેર કરવા માટે અધિકૃત છે.

એસબીઆઈસીપીએસએલ કોઈપણ સાથે કાર્ડધારકની માહિતી શેર કરી શકે છે માટેના મૂળકંપની, પેટાકંપની, એસબીઆઈસીપીએસએલના સહયોગી અથવા સહયોગી વિવિધ ઉત્પાદનો અને માર્કેટિંગ અને ઑફર કરવાના હેતુઓ એસબીઆઈસીપીએસએલ અથવા તેની જૂથ કંપનીઓ, પેટાકંપનીઓ, આનુષંગિકો અને/અથવા સહયોગી.

ટાટા કાર્ડના સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો www.tatacard.com ઉપર પણ ઉપલબ્ધ છે.

નિયમો માટે અગત્યની માહિતી

- ભારત અને વિદેશમાં ઉપયોગ કરવા માટે કાર્ડ માન્ય છે. જો કે નેપાળ અને ભૂટાનમાં વિદેશી ચલણના નાણાંકીય વ્યવહાર માટે કાર્ડ માન્ય નથી.
- ભારતની બહાર વ્યવહાર માટે કાર્ડનો ઉપયોગ આરબીઆઈના એક્સચેન્જ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ અને ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટ, 1999 સહિતના લાગુ કાયદા અનુસાર થવો જોઈએ. ઇન્ટરનેટ ટ્રેડિંગ પોર્ટલો દ્વારા વિદેશી વિનિમય વેપારની મંજૂરી નથી. કોઈપણ

ઉલ્લંઘન અથવા તેનું પાલન કરવામાં નિષ્ફળતાની સ્થિતિમાં, તમે દંડનીય કાર્યવાહી માટે જવાબદાર હોઈ શકો છો. તમારે તમારા વિદેશી વિનિમય ઉમેદવારી સંબંધિત તમારા અધિકૃત વિક્રેતા (એડી) ની સલાહ લેવી જોઈએ.

- જો તમારા ક્રેડિટ કાર્ડના ખાતાંમાં કોઈ રકમ જમા બાકી હશે તો ટાટા કાર્ડને તે જમા રકમ પરત કરવાનો અધિકાર છે.
- કૃપા કરીને મૂડી ખાતાંના વ્યવહાર જેવા કે વિદેશી સંસ્થાઓમાં રોકાણ કરવા અથવા વિદેશી કંપનીઓ સ્થાપિત કરવા માટે નાણાં મોકલવા/ચુકવણી કરવા માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરશો નહીં, કારણ કે આરબીઆઈના માસ્ટર માર્ગદર્શિકાની હેઠળ ભંડોળની પરવાનગી આપવાની પદ્ધતિ નથી - સંયુક્ત સાહસ/સંપૂર્ણ રૂપે રહેવાસીઓ દ્વારા સીધા રોકાણ વિદેશમાં પેટાકંપનીની માલિકી છે
- આરબીઆઈના માસ્ટર પરિપત્ર મુજબ- રહેવાસીઓ માટે ભારત તરફથી વિવિધ સુવિધાઓ મોકલવા અંગેના માસ્ટર પરિપત્ર મુજબ, લોટરી ટિકિટ, પ્રતિબંધિત અથવા પ્રતિબંધિત સામયિકો, સ્વીપસ્ટેકમાં ભાગ લેવા, કૉલ-બેક સેવાઓ માટે ચુકવણી, વગેરે જેવી પ્રતિબંધિત વસ્તુઓની ખરીદી માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ પ્રતિબંધિત છે. , કારણ કે આવી વસ્તુઓ/પ્રવૃત્તિઓ માટે વિદેશી વિનિમયના કોઈ ખેંચવાની મંજૂરી નથી. કૃપા કરીને માસ્ટર પરિપત્રનો સંદર્ભ લો વધુ વિગતો માટે રહેવાસીઓ માટે ભારત તરફથી લખેલ ન હોય તેવી સુવિધાઓ.

8. *શુલ્કોની અનુસૂચી

ફી	
વાર્ષિક ફી (એક વખત) રિન્યુઅલ ફી (દર વર્ષે) એડ ઓન ફી (દર વર્ષે)	રૂ. 0 – રૂ. 2999 રૂ. 0 – રૂ. 2999 શૂન્ય
વિસ્તૃત ધિરાણ	
વ્યાજ મુક્ત ધિરાણ સમયગાળો	20-50 દિવસો (માત્ર છૂટક ખરીદી પર લાગુ અને જો અગાઉના મહિનાની બાકી લેણી રકમ સંપૂર્ણ ચૂકવી દીધી હોય)
નાણાકીય ખર્ચ	અનસિક્યોર્ડ કાર્ડ્સ માટે દર મહિને 3.50% (42% દર વર્ષે); સિક્યોર્ડ કાર્ડ્સ માટે દર મહિને 2.75% (33% દર વર્ષે);
ન્યૂનતમ નાણાંકીય શુલ્ક	રૂ .25
ન્યૂનતમ ચુકવણીપાત્ર રકમ	ન્યૂનતમ બાકી રકમ કુલ જીએસટી + ઈએમઆઇની રકમ + 100% ફી/ચાર્જીસ + [ફાઇનાન્સ ચાર્જ] ના 5% (જો કોઈ હોય તો), રિટેલ ખર્ચ અને રોકડ પેશગી (જો કોઈ હોય તો)] + ઓવરલિમિટ રકમ (જો કોઈ હોય તો).
રોકડ એડવાન્સ	
રોકડ એડવાન્સ મર્યાદા	ક્રેડિટ લિમિટના 80% સુધી (ગોલ્ડ અને ટાઇટેનિયમ માટે મહત્તમ 12K/દિવસ અને પ્લેટિનમ કાર્ડ્સ અને સિગ્નેચર/વર્લ્ડ કાર્ડ્સ માટે 15K/દિવસ)
મુક્ત ધિરાણ સમયગાળો	શૂન્ય
નાણાકીય ખર્ચ	અનસિક્યોર્ડ કાર્ડ્સ માટે દર મહિને 3.50% (42% દર વર્ષે); સિક્યોર્ડ કાર્ડ્સ માટે દર મહિને 2.75% (33% દર વર્ષે); ઉપર ઉલ્લેખિત ચાર્જિસ રોકડ ઉપાડની તારીખથી લાગુ થશે.

ન્યૂનતમ નાણાંકીય શુલ્ક	રૂ. 25
રોકડ એડવાન્સ ફી	
એસબીઆઈ એટીએમ/ અન્ય સ્થાનિક એટીએમ આંતરરાષ્ટ્રીય એટીએમ	વ્યવહારની રકમના 2.5% (ન્યૂનતમ રૂ. 500 ની શરતને આધીન) વ્યવહારની રકમના 2.5% (ન્યૂનતમ રૂ. 500 ની શરતને આધીન)
અન્ય શુલ્કો અને ફી	
રોકડ ચુકવણી શુલ્ક ચુકવણી અસ્વીકાર ફી	રૂ. 250 ચુકવણીની રકમના 2% (ન્યૂનતમ રૂ. 500 ની શરતને આધીન)
ચેક પેમેન્ટ ફી **મોડી ચૂકવણી કરવા પર લાગતો ચાર્જ**	**રૂ. 100** **ચૂકવણીની તારીખે રૂ.0-500 સુધીની બાકી રકમ માટે શૂન્ય** **રૂ.500 થી વધુ અને રૂ.1,000 સુધીની બાકી રકમ માટે રૂ.400** **રૂ.1,000 થી વધુ અને રૂ.10,000 સુધીની બાકી રકમ માટે રૂ.750** **રૂ. 10,000 થી વધુ અને રૂ. 25,000 સુધીની બાકી રકમ માટે રૂ. 950** **રૂ. 25,000 થી વધુ અને રૂ. 50,000 સુધીની બાકી રકમ માટે રૂ. 1,100** **50,000 થી વધુની બાકી રકમ માટે રૂ.1,300**
વધારાનો વિલંબિત ચુકવણી ચાર્જ	**રૂ. 100**
ઓવરલિમિટ	ઓવરલિમિટ રકમના 2.5% (ઓછામાં ઓછા ₹600ને આધિન). ટ્રાન્ઝેક્શન રિવર્સલ / કેન્સલેશન / રિફંડના

	કિસ્સામાં ઓવરલિમિટ ફી રિવર્સ કરવામાં આવશે નહીં.
કાર્ડ ફેરબદલી	રૂ. 100 - રૂ. 250
તાત્કાલિક કાર્ડ ફેરબદલી (જ્યારે વિદેશમાં હોય)	વાસ્તવિક ખર્ચ (વિઝા માટે $175અને માસ્ટર કાર્ડ માટે $148 ની શરતને આધીન)
વિદેશી કરન્સી વ્યવહાર શુલ્ક	%3.5 (તમામ ટાટા કાર્ડ માટે) ટ્રાન્ઝેક્શન રિફંડના કિસ્સામાં વિદેશી ચલણ વ્યવહાર ફીને રિવર્સ કરવામાં આવશે નહીં.
ડાયનેમિક અને સ્ટૈટિક કરન્સી રૂપાંતરણ વ્યવહાર:	માર્કઅપ 3.50% (બધા ટાટા કાડ્ર્સ માટે). ટ્રાન્ઝેક્શન રિફંડ પર ડાયનેમિક અને સ્ટેટિક ચલણ રૂપાંતરણ માર્કઅપ શુલ્ક પરત કરવામાં આવશે નહીં.
રિવૉર્ડ રિડીમ કરવાનો શુલ્ક (જો લાગુ પડતું હોય તો)	રૂ. 99 (ઉપહારો, સ્ટેટમેંટ ક્રેડિટ અને ફક્ત વિશિષ્ટ વાઉચર્સ પર)
ભાડાની ચુકવણીના તમામ વ્યવહારો પર પ્રોસેસિંગ ફી	₹199. ટ્રાન્ઝેક્શન રિવર્સલ / કેન્સલેશન / રિફંડના કિસ્સામાં પ્રોસેસિંગ ફી રિવર્સ કરવામાં આવશે નહીં.
પ્રાયોરીટી પાસ લાઉન્જ શુલ્કો (જો લાગુ પડતું હોય તો)	કોમ્પ્લિમેન્ટરી વિઝિટને પૂર્ણ કર્યા બાદ પ્રાયોરિટી પાસ પ્રોગ્રામ મારફતે ભારતની અંદર તમામ એરપોર્ટ લાઉન્જની મુલાકાતો પર પ્રતિ મુલાકાત $27ની વપરાશ ફી + લાગુ કર ચાર્જ કરવામાં આવશે. પ્રાયોરિટી પાસ પ્રોગ્રામ મારફતે તમામ એરપોર્ટ લાઉન્જની ભારતની બહારની મુલાકાતો પર પ્રતિ મુલાકાત દીઠ $27ની વપરાશ ફી + લાગુ કરવેરા વસૂલવામાં આવશે. વધુ વિગતો માટે, કૃપા કરી tatacard.com ની મુલાકાત લો.
ગ્રેસ પિરિયડ	ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ્સ પર ચુકવણીની નિયત તારીખ પછી 3 દિવસનો ગ્રેસ પિરિયડ આપે છે, જો અગાઉની બિલિંગ સાઇકલ(સાઇકલ્સ)માંથી ચુકવણી બાકી ન હોય. ક્રેડિટ કાર્ડ

	સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબ ચુકવણીની નિયત તારીખ એ તારીખ છે કે જે દિવસે ક્રેડિટ કાર્ડમાં સ્પષ્ટ ભંડોળ જમા થશે, જો કે ચુકવણીની પ્રક્રિયા સમયને પર પાડવા માટે 3 દિવસનો ગ્રેસ પીરીયડ પ્રદાન કરવામાં આવે છે.
સરચાર્જ	
રેલવે ટિકિટ - રેલ્વે કાઉન્ટર	રૂ. 30 + ટ્રાન્ઝેક્શન રકમના 2.5%
રેલવે ટિકિટ – www.irctc.co.in	એક વ્યવહાર માટે વ્યવહાર મૂલ્યના 1% + લાગુ પડતાં કરવેરા
પેટ્રોલ અને પેટ્રોલ પંપ પર વેચાતી તમામ પ્રોડક્ટ અને સેવાઓ	ફ્યુઅલ સરચાર્જ વેપારીને ટર્મિનલ પ્રદાન કરનાર ઉપાર્જનકર્તા બેંક દ્વારા વસૂલવામાં આવે છે. ચાર્જ સ્લિપ પર લેવડદેવડની રકમ ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટથી અલગ હશે કારણ કે લેવડદેવડની રકમ પર ઉપાર્જનકર્તા બેંક દ્વારા સરચાર્જ અને જીએસટી વસૂલવામાં આવે છે. ચૂંટેલ કાડ્ર્સ માટે યોગ્ય લેવડદેવડની રકમ પર 1% ફ્યુઅલ સરચાર્જ માફી (જીએસટી સિવાય) પ્રદાન કરવામાં આવશે. ફ્યુઅલ સરચાર્જ છૂટના નિયમો અને શરતો અલગ-અલગ હોઈ શકે છે. વિગતો માટે ક્રેડિટ કાર્ડના નિયમ અને શરતો જુઓ.
કસ્ટમ ડ્યૂટીની ચુકવણી	વ્યવહારવી રકમના 2.25% (ન્યૂનતમ રકમ ને આધીન રૂ. 75)

તમામ લાગુ પડતા કરવેરા ઉપરોક્ત તમામ ફી, વ્યાજ અને શુલ્કો ઉપર વસૂલવામાં આવશે.

"લાગુ પડતા ટેક્સ" (1 લી જુલાઇ, 2017 ના રોજ અથવા તે પછીના સ્ટેટમેન્ટ માટે) નો અર્થ થાય છે:

- Tata કાર્ડના રેકોર્ડમાં નિવાસસ્થાન ધરાવતા કાર્ડધારકોને "હરિયાણા" તરીકે નિવેદન તારીખે - કેન્દ્રીય ટેક્સ @9% ના દરે અને રાજ્યનો ટેક્સ @9% ના દરે.
- Tata કાર્ડના રેકોર્ડમાં નિવાસસ્થાન ધરાવતા કાર્ડધારકો માટે "હરિયાણા" સિવાયની સ્ટેટમેન્ટની તારીખ પર - એકીકૃત ટેક્સ દર @18%

કાર્ડધારક ખાતા માટે કરવામાં આવેલી તમામ ચૂકવણીની પતાવટ લઘુતમ બાકી રકમ {કુલ જીએસટી + ઈએમઆઇની રકમ + ફી/ચાર્જિસના 100 % + 5 % ફાઇનાન્સ ચાર્જ (જો કોઈ હોય તો), રિટેલ ખર્ચ અને રોકડ પેશગી (જો કોઈ હોય તો) + ઓવરલિમિટ રકમ (જો કોઈ હોય તો)}, વ્યાજ ચાર્જિસ, બેલેન્સ ટ્રાન્સફર બાકી રકમ, બાકી નીકળતી ખરીદી અને રોકડ પેશગીના ક્રમમાં કરવામાં આવશે.

**કોઈપણ વેપારી દ્વારા ભાડાની ચુકવણી માટેના તમામ વ્યવહારો પર પ્રોસેસિંગ ફી તરીકે ₹199+ લાગુ પડતો વેરો વસૂલવામાં આવશે. મર્ચન્ટ કેટેગરી કોડ (એમસીસી) 6513 હેઠળ ઓળખવામાં આવેલા તમામ વ્યવહારોને ભાડાની ચુકવણીના વ્યવહારો તરીકે ગણવામાં આવશે.

RBIની KYC માર્ગદર્શિકા અનુસાર અને ગ્રાહક ડ્યુ ડિલિજન્સ પ્રક્રિયા હેઠળ એકત્રિત કરવામાં આવેલા દસ્તાવેજો, ડેટા અથવા માહિતીને નવીનતમ રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે, SBI કાર્ડ કાર્ડધારકને ચોક્કસ સમયાંતરે KYC રેકોર્ડ્સના સમયાંતરે અપડેટ કરવા માટે કહેશે. કંપનીની આંતરિક નીતિ મુજબ, સામયિક અદ્યતનકરણની પ્રક્રિયા દરમિયાન કેવાયસી દસ્તાવેજ પૂરા પાડવામાં નિષ્ફળ રહેવાથી ક્રેડિટ કાર્ડ ખાતાને અસ્થાયી રીતે નિલંબિત કરવામાં આવેલ કાર્ડ પર નિષ્ક્રિય અવધિ દરમિયાન વાર્ષિક શૂલ્ક લગાવવામાં આવશે નહીં. સામયિક અદ્યતનની પ્રક્રિયા પૂરી થયેથી કાર્ડ ખાતું સક્રિય થઈ ગયા પછી વાર્ષિક શૂલ્ક લગાવવામાં આવશે.

કાર્ડના તમારા સતત વપરાશને આ સુધારાઓની સ્વીકૃતિ તરીકે માનવામાં આવશે.

TATA કાર્ડ હેલ્પલાઇન

39 02 34 56 (આગળ સ્થાનિક એસટીડી કોડ લગાડો),

1800 180 8282

આ સંદેશાવ્યવહારમાંની તમામ માહિતી 22 ઓગસ્ટ 2023 મુજબ સાચી છે અને SBICPSL ના વિવેકબુદ્ધિને આધારે ફેરફારને પાત્ર છે. TATA કાર્ડના સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો www.tatacard.com પર પણ ઉપલબ્ધ છે

TATA

અમને સારી રીતે ઓળખો

ફોન દ્વારા

વધુ માહિતી માટે

1800 180 8282

39 02 34 56 (શરૂઆતમાં સ્થાનીય એસટીડી કોડ લગાવો)

પર કૉલ કરો

તમારા કાર્ડને કૃપા કરીને તમારી પાસે રાખો

ઈ-મેલ દ્વારા

તમારા કાર્ડનાં એકાઉન્ટથી સંબંધિત કોઈ પણ પ્રશ્ન માટે અમને:

customercare@tatacard.com પર લખો

પત્ર દ્વારા

અમને ટાટા કાર્ડ્સ, c/o SBICPSL, પોસ્ટ બેગ નંબર 7, જીપીઓ, નવી દિલ્હી- 110001 પર લખો

વેબ દ્વારા

tatacard.com પર લોગ ઓન કરો

Ver: FY24 8.1